સંવાદ સમાચાર
કેવળ પત્ર-પત્રિકાઓ માટે

૨, મયૂર ચેમ્બર્સ,
ગાંધીગ્રામરેલવે સ્ટેશનની સામે,
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
ફોન : (૦૭૯) ૨૬૫૭૯૩૦૧,
ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૨૨૦
E-mail : vsk.samachar@gmail.com

Email : vskguj@gmail.com Website : www.vskgujarat.com

વર્ષ : ૩ અંક : ૬૧ દિનાંક : ૦૧.૧૦.૨૦૧૭ સંપાદક : ડૉ. કનુભાઈ જોષી

## અહિંસા વિશ્વ ભારતીના સ્થાપક ડૉ. લોકેશ મુનિનું લંડન પાર્લામેન્ટમાં 'એમ્બેસેડર ઓફ પીસ' સન્માન

લંડન પાર્લામેન્ટમાં અહિંસા વિશ્વ ભારતીના સ્થાપક તથા પ્રખ્યાત જૈનાચાર્ય ડૉ. લોકેશ મુનિને 'એમ્બેસેડ ઓફ પીસ' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. અહિંસા, શાંતિ અને સદ્‌ભાવનાના ક્ષેત્રમાં મહત્વના યોગદાન માટે મુનિશ્રીને આ સન્માન મળ્યું છે. લંડનના હાઉસ ઓફ કોમનમાં સાંસદ બોબ બ્લેકમેનના વરદ્ હસ્તે ડૉ. લોકેશને સન્માનિત કર્યા હતા. લંડનના પાર્લામેન્ટ હાઉસમાં ડૉ. લોકેશના પ્રવચનને સાંભળવા વિશ્વમાંથી અનેક નામાંકિત મહાનુભાવો ઉપસ્થિત હતા.

ડૉ. લોકેશ મુનિશ્રીએ હાઉસમાં સંબોધતાં જણાવ્યું કે 'વિશ્વ એક પરિવાર છે.' આ વિષય પર મનનીય પ્રવચન આપતાં તેઓશ્રીએ કહ્યું કે ભારતીય સંસ્કૃતિ આધ્યાત્મિક તથા માનવીય મૂલ્યોનો ભંડાર છે. ભારત અને લંડનના ખૂબ જ જુના સંબંધો છે. તેમણે વધુમાં જણાવ્યું કે ગ્રેટ બ્રિટન વિશ્વમાં ઔદ્યોગિક ક્રાંતિ માટે પાયાની બુનિયાદ છે. લોકતંત્રમાં શાંતિ આવશ્યક છે. આ શાંતિ માટે સંયુક્ત પ્રયાસો થવા જોઈએ. લંડનના સાંસદ શ્રી બોબ બ્લૈકમેને આ પ્રસંગે જણાવ્યું કે ડૉ. લોકેશ મુનિના વિશ્વશાંતિ માટે સંયુક્ત રાષ્ટ્રસંઘ, વિશ્વ ધર્મ સંસદ તથા અનેક આંતરરાષ્ટ્રીય સંમેલનોના માધ્યમથી કરેલા પ્રયત્નો તથા વિશ્વભ્રમણ આપણા વિશ્વ માટે શાંતિ અને કલ્યાણનો માર્ગ દર્શાવે છે.

ઇંટરનેશનલ સિદ્ધાશ્રમ શક્તિ સેંટર આયોજિત કાર્યક્રમમાં સંબોધન કરતા હિન્દુ આધ્યાત્મિક ગુરુ શ્રી રાજરાજેશ્વરે પણ ડૉ. લોકેશ મુનિશ્રીને આ શાંતિદૂતનું સન્માન મળતાં તેમનું સ્વાગત કર્યું હતું. ડૉ. લોકેશનો વસુધૈવ કુટુમ્બકમ્ તથા વિશ્વ એક પરિવારનો સંદેશો વર્તમાન સમયમાં ખૂબ જ આવશ્યક છે. આ સન્માન પ્રસંગે નોયડા ફિલ્મ સિટીના સંસ્થાપક શ્રી સંદીપ મારવાર પણ ઉપસ્થિત હતા. તેમણે પણ ડૉ. લોકેશ મુનિશ્રીના આશિર્વાદ લીધા હતા.

## વિશ્વશાંતિ – સદ્‌ભાવના સંમેલનમાં શિયા ધર્મગુરુની રામમંદિરના નિર્માણમાં સહયોગની ઘોષણા

મુંબઈમાં વિશ્વશાંતિ તથા સદ્‌ભાવના માટે સંમેલન યોજાયું હતું. તેમાં દેશના ધર્મગુરુઓ ઉપસ્થિત હતા. યોગગુરુ બાબારામદેવ, તિબેટના આધ્યાત્મિક ગુરુ દલાઈલામા તથા શિયા ધર્મગુરુ અને ઑલ ઇન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડના ઉપાધ્યક્ષ કલ્બે સાદિક પણ ઉપસ્થિત હતા. કલ્બે સાદિકે પોતાના ઉદ્‌બોધનમાં જણાવતાં કહ્યું કે સુપ્રિમ કોર્ટનો ચુકાદો જો હિન્દુઓના પક્ષમાં આવે કે મુસ્લિમોના પક્ષમાં આવે તો પણ વિવાદાસ્પદ સ્થળ પર ભવ્ય રામમંદિરનું નિર્માણ થાય તે દેશની શાંતિ માટે મહત્વનું છે. હિન્દુઓ અને મુસ્લિમોએ રામમંદિરના નિર્માણ માટે એક બીજાના દિલ જીતવાની જરૂર છે. તેમણે ઉમેર્યું કે ભગવાન રામ હિન્દુઓના કે મુસ્લિમોના વિવાદ માટે નથી પણ ભારતનો આત્મા છે. સુપ્રિમ કોર્ટનો અંતિમ ચુકાદો આવે તે પહેલાં શાંતિવાર્તાઓ યોજી વિવાદિત સ્થળ પર ભવ્ય રામમંદિરનું નિર્માણ કરવાની ઘોષણા શીયા ધર્મગુરુ કલ્બે સાદિકે આ સંમેલનમાં કરી હતી. શિયા મુસ્લિમ

સમુદાયમાંથી મળેલ સહકાર બાદ રામમંદિર – બાબરી મસ્જિદ વિવાદના સમાધાનની સંભાવના વધી છે.

## ભાભા અનુસંધાન કેન્દ્રના વૈજ્ઞાનિકોએ 'રામપત્રી' નામના છોડમાંથી કેન્સરની દવા બનાવી

દેશની સુરક્ષા માટે પરમાણું બોમ્બ બનાવતી સંસ્થા ભાભા અનુસંધાન કેન્દ્રએ માનવ જીવનની સુરક્ષા માટે પણ કેન્સરની દવા શોધવાની શરૂઆત કરી છે. હાલમાં ભારતના પશ્ચિમ ક્ષેત્રમાંથી મળી આવતી 'રામપત્રી' વનસ્પતિમાંથી કેંસરની દવા બનાવવામાં આવી છે. જેનો પ્રયોગ ઉંદરો પર થયો છે. ઉંદરોને કેન્સરની બિમારીથી બચાવાયા છે. આ 'રામપત્રી' છોડનું વૈજ્ઞાનિક નામ 'મિરિસ્ટિકા માલાબારિકા' છે. 'રામપત્રી'નો ઉપયોગ ફેફસાના કેન્સર માટે તથા બાળકોમાં થતા દુર્લભ પ્રકારના કેન્સર 'ન્યૂરોબ્લાસ્ટોમા'ના ઉપચાર માટે અસરકારક સાબિત થઈ શકે તેમ છે. આ પહેલા આ સંસ્થાના વૈજ્ઞાનિકોએ કેન્સર તથા કૉબાલ્ટ થેરપી માટે 'ભાભાટ્રોન' નામનું મશીન પણ બનાવ્યું છે.

## ફિજિ દેશમાં ગણેશોત્સવની ભવ્ય ઉજવણી

ફિજિ દેશમાં છેલ્લા ૧૬ વર્ષથી ધામધૂમથી ગણેશ મહોત્સવ યોજાય છે. ઉત્તરોત્તર આ ઉત્સવ વ્યાપક બનતો જાય છે. આ વર્ષે આનંદ ચૌદશમાં ગણેશોત્સવની પૂર્ણાહૂતિ પ્રસંગે ફિજિના એટર્નીજર્નલ ઐયાઝ સૈયદ-ખયુમ (Aiyaz Syed-Khaiyam), લોકલ ગવર્નમેન્ટનું મંત્રાલય, પ્રવિણ બાલા તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત હતા.

ફિજિ સેવાશ્રમ સંઘ દ્વારા ઉજવાયેલ ગણેશોત્સવની એટર્નીજર્નલે સરાહના કરી હતી. તેમણે ઉમેર્યું કે ફિજિના આર્થિક, સામાજિક તથા સાંસ્કૃતિક વિકાસમાં સંઘનો મહત્વનો ફાળો છે. આ દેશમાં હિન્દુત્વના માધ્યમથી પ્રજામાં એક કુટુંબની ભાવના ઉત્પન્ન થાય છે. આવા ઉત્સવોથી દેશમાં બાળકો, યુવાનો તથા વૃદ્ધો-વડીલો એકબીજાને મળે છે અને ફિજિ દેશના સાર્વભૌમત્વમાં મહત્વનું યોગદાન મળે છે અને ફિજિ દેશમાં દુનિયાના અનેક ધર્મો પાળતા સમુદાયો છે, તેમાં પ્રેમ, લાગણી તથા પરિવારની ભાવના આ હિન્દુત્વમાંથી પ્રગટે છે. તેથી હિન્દુઓના ગણેશોત્સવ જેવા ઉત્સવો પ્રતિવર્ષ યોજાય છે અને આવા ઉત્સવોની ઉજવણી પ્રતિવર્ષે લોકપ્રિય બને છે.

## લંડન યુનિવર્સિટીની પ્રોફેસરની નોકરી છોડી વતનપ્રેમ માટે પાછાં ફરતાં સશક્ત મહિલા-મધુલિકા

બિહારના કટિહાર જિલ્લાના ફલકાના ગાંધીગ્રામ બરેટાના મધુલિકાબહેન ચૌધરી ૩ વર્ષથી લંડન યુનિવર્સિટીમાં પ્રોફેસરની નોકરી કરતા હતા. તેમનામાં વતન પ્રેમ ઊભરાતાં પોતાના ગામમાં પાછા ફરી ખેતી કરવાનું વિચાર્યું. પિતા નવલ કિશોરના આશીર્વાદ તથા માતાના માર્ગદર્શનથી મધુલિકાએ રેશમના છોડની ખેતી શરૂ કરી છે. તેમાં તેમણે ખૂબ જ પ્રગતિ કરી છે. તેમના પતિ પણ દિલ્હી ગુડગાંવમાં છે. તેઓ પણ મધુલિકાને મદદ કરે છે. મધુલિકાએ 'ચલો અપને ગાઁવ' મિશન ચલાવ્યું છે. દિલ્હી સ્થિત તેમની મોટી બહેન પણ મહિલા સશક્તિકરણ તથા મહિલા આત્મનિર્ભર થવાના મધુલિકાએ ઉપાડેલ મિશનમાં સાથ સહકાર આપે છે. મધુલિકાના પરિવારના સંયુક્ત સાહસ તરીકે દેશમાં હેન્ડલુમ પાવર કેન્દ્રો ચાલે છે. દિલ્હી, ભોપાલ, બેંગાલૂર, કોલકત્તા સહિત દેશના ઘણા મોટા શહેરોમાં રેશમ અને ખાદીમાંથી બનાવેલ કાપડ તથા વસ્ત્રોનો વેપાર-ઉદ્યોગ ફૂલ્યોફાલ્યો છે. મધુલિકા આ હેન્ડલૂમ ઉદ્યોગથી હજારો પરિવારને રોજીરોટી આપે છે. આમ વિદેશનો મોહ છોડી ભારત-વતન પરત ફરેલ મહિલા-મધુલિકા બહેનોને આત્મનિર્ભર થવા તથા દેશ સેવા માટે પ્રેરણાસ્રોત છે.

## સ્વામી વિવેકાનંદના શિષ્યા ભગિની નિવેદિતાની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણી

સ્વામી વિવેકાનંદની સાથે અમેરિકાથી ભગિની નિવેદિતા ભારતમાં બહેનોના કલ્યાણ માટે તથા સ્ત્રીસશક્તિકરણ માટે ભારત આવ્યા હતા. તેમની ૧૫૦મી જન્મતિથિની ઉજવણી કલકત્તા ખાતે ઉજવાઈ હતી. આ ઉજવણીમાં દેશભરમાંથી ૨૦૦૦થી પણ વધુ મહિલા ઉપસ્થિત હતી. આ કાર્યક્રમમાં સન્યાસીની નિર્ભિકપર્ણાજી,

રામકૃષ્ણ શારદા પીઠ, દક્ષિણેશ્વર, કોલકત્તાએ બહેનોને માર્ગદર્શન કર્યું હતું. સન્યાસીનીએ પોતાના ઉદ્‌બોધનમાં ભગિની નિવેદિતાની રામકૃષ્ણ મઠની મુલાકાત તથા વિવેકાનંદના સંદેશના પ્રસંગો યાદ કર્યા હતા. ભારતમાં બહેનોની તકલીફો તથા અંધશ્રદ્ધાથી બહેનોને થતા અન્યાયો માટે ભગિની નિવેદિતાએ ભારતભ્રમણ કર્યું હતું તેનો ઉલ્લેખ પણ નિર્ભિકપણોજીએ કર્યો હતો. આર્થિક, સામાજિક તથા સાંસ્કૃતિકક્ષેત્રોમાં બહેનોના વિકાસ તથા બહેનોના સેવાકાર્યો માટે ભગિની નિવેદિતાએ પોતાના લોહીના છેલ્લા બુંદ સુધી સેવા કાર્યોનો ઉલ્લેખ પણ નિર્ભિકપણોજીએ કર્યો હતો. ઉપસ્થિત બહેનોએ રામકૃષ્ણ મીશન તથા તેના સેવાકાર્યોનો વિગતવાર અભ્યાસ કર્યો હતો. સીલીગુડીના વિવેકાનંદ કેન્દ્રની બહેનોએ આ ૧૫૦મી જન્મજયંતિ પ્રસંગને અનુરૂપ ભગિની નિવેદિતાના જીવનચરિત્રનું પ્રદર્શન યોજ્યું હતું. ભારતદેશમાં પ્રતિવર્ષ ભગિની નિવેદિતા જન્મ-જયંતિ ઉજવણી કમિટિ છે, જે દેશભરમાં બહેનોમાં જાગૃતિ તથા બહેનો થકી રાષ્ટ્રસેવા તથા દરિદ્રનારાયણની સેવા માટે સનિષ્ટ પ્રયત્નો કરે છે.

## સ્વામી વિવેકાનંદના શિકાગો ધર્મસંસદના ઉદ્‌બોધનના ૧૨૫મા વર્ષની ઉજવણી પ્રસંગે પ્રધાનમંત્રીનો સંદેશ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વામી વિવેકાનંદે શિકાગોમાં આપેલ મનનીય ભાષણને ૧૨૫ વર્ષ પૂર્ણ થયાની ઉજવણી પ્રસંગે તથા દીનદયાળ ઉપાધ્યાયની ૧૦૦મી વર્ષ ગાંઠની ઉજવણી પ્રસંગે દેશવાસીઓને સંદેશો પાઠવ્યો છે. સ્વામી વિવેકાનંદના જીવનચરિત્રમાંથી તથા દીનદયાળ ઉપાધ્યાયના રાષ્ટ્રપ્રેમમાંથી ભારતને 'નવું યુવા ભારત' 'Young India, New India' બનાવવાનો દૃઢ સંકલ્પ તેઓશ્રીએ દોહરાવ્યો હતો. વિશ્વમાં યુવાનોની સંખ્યા સૌથી વધુ ભારતમાં છે. ભારતના યુવાનો દેશની કાયાપલટ બદલી શકે છે તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી. સ્વામી વિવેકાનંદના જીવનમાંથી 'જન સેવા એ જ પ્રભુ સેવા' જીવનમૂલ્યને યુવાનોએ અપનાવવું જોઈએ તેવી શીખ યુવાનોને પ્રધાનમંત્રીશ્રીએ આપી હતી. તેમણે ઉમેર્યું કે દેશવાસીઓની આકાંક્ષાઓ પૂર્ણ થાય તથા સર્વે જન સુખી થાય તેવી જીવનપદ્ધતિમાં દેશવાસીઓનું હિત સમાયેલ છે. સ્વામી વિવેકાનંદે ૧૧ સપ્ટેમ્બર, ૧૮૯૩ના દિવસે જે ભાષણ શિકાગોમાં આપ્યુંહતું તે આજે પણ સૌના માટે રાષ્ટ્રભક્તિની સાચી દિશા તથા પ્રેરણા પૂરી પાડે છે.

## મહિલા કમાન્ડો દ્વારા દારૂના વ્યસનનો વિરોધ

મુખ્યમંત્રી ડૉ. રમનસિંહે બાલોદ જિલ્લામાં દારૂ-જુગાર તથા સટ્ટા જેવાં સામાજિક દૂષણો સામે વિરોધ પ્રદર્શન તથા સ્વરક્ષણ માટે મહિલાઓ દ્વારા ચલાવાતા અભિયાનની પ્રસંશા કરી છે. બાલોદ જિલ્લાના ગામડાંઓમાં બહેનો રાત્રી-રોન લગાવે છે. બહેનો હાથમાં હથિયાર લઈ સામાજિક દૂષણો આચરતા તત્વોને શોધી તેમનો વિરોધ કરે છે. જિલ્લા પોલિસે આવી સશક્ત મહિલાઓને 'મહિલા કમાન્ડો' નામ આપ્યું છે. બાલોદ જિલ્લાના કુદારી ગામના મહિલા કમાન્ડો રાધિકાબાઈ દેશમુખનો સાક્ષાત્કાર કરતાં તેમણે જણાવ્યું કે આ સામાજિક બદીઓથી પરિવારોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેથી આવા તત્વોને શોધવા ગામની શેરીઓ, તળાવનો કિનારો તથા અનેક ઉજ્જડ સ્થાનો પર મહિલા કમાન્ડો છાપો મારે છે. તેમને પકડી આ દૂષણોથી દૂર રહેવા શપથ લેવડાવે છે. હેન્ડપંપ તથા અન્ય જાહેર સ્થળો પર આ મહિલા કમાન્ડો સ્વચ્છતા અભિયાન પણ ચલાવે છે. આવી બહેનોએ ગામમાં 'માનસ મંડળીઓ' પણ બનાવી છે જેમને સરકાર તરફથી દસ હજાર રૂપિયાનું અનુદાન પણ – પુરસ્કાર સ્વરૂપે અપાય છે.

## કર્ણાટકના ઉડુપી શ્રીકૃષ્ણ મંદિરમાં રમજાન માસના પવિત્ર રોજા માટે મુસ્લિમભાઈઓને આમંત્રણ

કર્ણાટકના ઉડુપીના શ્રીકૃષ્ણ મંદિરમાં ૧૫૦ મુસ્લિમ બિરાદરોને રમજાનના પવિત્ર માસમાં રોજાની રસમ માટે બોલાવ્યા હતા. ઉડુપી મઠના મહંત વિશેષ તીર્થ સ્વામીએ સ્વયં તેમના હાથથી મુસ્લિમ બિરાદરોનું રોજું છોડાવી – પારણા કરાવ્યા હતા. મંદિરમાં જ્યાં માત્ર પુરોહિતો જઈ શકે છે તે સ્થળ પર મુસ્લિમ ભાઈઓ માટે નમાજ પઢવાની વ્યવસ્થા પણ મંદિરમાં થઈ હતી. હિન્દુમુસ્લિમ

સામાજિક સમરસતા માટે આ પ્રસંગ બંને સમુદાયો માટે પ્રેરણારૂપ છે. ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ હામિદ અંસારીજીનું એ ઉદ્‌બોધન હતું કે 'ભારતનો મુસ્લિમ ભયભીત તથા ડરેલો લાગે છે' તે વિધાનથી વિપરિત આ સદ્‌ભાવના કાર્યક્રમ જાતિવાદ વેરભાવ ભૂલવાનો સંદેશ છે. મહંત શ્રી વિશેષ તીર્થ સ્વામીએ આ સદ્‌ભાવના કાર્યક્રમથી સામાજિક સમરસતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

## ચીનમાં પવિત્ર રમજાન માસમાં રોજુ રાખનારને સજા તથા જામીનપાત્ર વોરંટ

ચીનના શિનજિયાંગ પ્રાન્તમાં આશરે ૪૫ ટકા વસ્તી મુસ્લિમોની છે. ચીન સરકારે અહીંના મુસ્લિમોને મદરેસાઓમાં નિર્દોષ બાળકોને જબરજસ્તી અપાતી ધાર્મિક શિક્ષા પર પ્રતિબંધ લગાવ્યો છે. રોજુ રાખવું અપરાધ ગણાય છે. રોજુ રાખનાર મુસ્લિમને જામીનપાત્ર સજા થાય છે. ખાસ કરીને ચીન દ્વારા મુસ્લિમ સમુદાય પર થતી આ આપખુદશાહીની અસર ચીનની સરકારી ઓફીસમાં ખાસ જોવા મળે છે. આ પ્રાન્તના મુસ્લિમભાઈઓ પોતાને અસુરક્ષિત હોવાનું અનુભવે છે. મુસ્લિમ ધર્મ માટે ક્યારે શું થાય ? તેવી દહેશત ચીનમાં જોવા મળે છે.

## વિશ્વ હિન્દુ પરિષદ – ફિજિ દ્વારા ફિજિમાં હિન્દુ યુવા સંમેલન

વિશ્વ હિન્દુ પરિષદ આપણા દેશ ઉપરાંત વિદેશોમાં આંતરરાષ્ટ્રીયક્ષેત્રે પણ માનવકલ્યાણ તથા વિશ્વકલ્યાણ અર્થે હિન્દુ સંસ્કૃતિની જીવનપદ્ધતિ તથા હિન્દુત્વના કલ્યાણકારી માર્ગ માટે બજરંગદળના યુવાનો તથા દેશના યુવાનોને પ્રેરણા આપે છે. ફિજિ દેશમાં પણ વિશ્વ હિન્દુ પરિષદ ફિજિના યુવાનોને હિન્દુત્વના આધારે ફિજિ દેશના વિકાસ તથા સુખશાંતિ માટે પ્રેરણા આપે છે. વિશ્વ હિન્દુ પરિષદ ફિજિ દ્વારા ફિજિના સુવા શહેરમાં હિન્દુ યુવા સંમેલન ઑગસ્ટની ૫-૬ તારીખે યોજાયું હતું. આ સંમેલનને ફિજિના ભારતીય હાઈ કમિશ્નર વિશ્વાસ સ્પકલે (Vishvas Spakal) ખુલ્લુ મૂક્યું હતું. યુવાનોને ત્યાંની નેશનલ ફેડરેશન પાર્ટીના નેતા તથા ફિજિની પાર્લામેન્ટના વિપક્ષી નેતા પ્રોફેસર બીમન પ્રસાદે (Prof. Biman Prasad) સંબોધ્યા હતા. પ્રો. બીમને હિન્દુત્વ માટે વિશ્વ હિન્દુ પરિષદના વિશ્વવ્યાપી કાર્યક્ષેત્રની સરાહના કરી હતી. સમેલનના પ્રથમ સત્રમાં, ધર્મના આધારે પોતાના જીવનને ઘડનાર, કર્તવ્યનિષ્ઠ તથા જેને ક્ષેત્રમાં સિદ્ધિ મેળવનાર યુવાનોને પોતાના જીવનપ્રસંગો વર્ણવ્યા હતા. બીજા એક સત્રમાં દેશના વિકાસમાં યુવાનોને વિશ્વ હિન્દુ પરિષદની કાર્યપ્રણાલી તથા હિન્દુત્વ હિતની ગતિવિધિઓ અંગે આતરાષ્ટ્રીયક્ષેત્રની સિદ્ધિઓ તથા સેવાકાર્યોના નેટવર્કનો ખ્યાલ આપવામાં આવ્યો હતો. આ સંમેલનમાં વસુધૈવ કુટુંબકમ્ તથા હિન્દુ સંસ્કૃતિના માનવકલ્યાણના માર્ગો અંગે યુવાનોને પ્રેરણા મળી હતી.

## સમુદ્રી તોફાન – ઇરમાના પ્રભાવિત ક્ષેત્રોની મદદે 'સેવા આંતરરાષ્ટ્રીય સંસ્થા'

ફ્લોરિડા, એટલાન્ટા, ટમ્પા તથા કેરેબિયન વિસ્તારમાં ભયંકર સમુદ્રી તોફાન-ઇરમા ત્રાટક્યું છે. આ પ્રદેશના હજારો લોકો બેઘર થયા છે. તોફાનમાં ઘણા લોકો મૃત્યુ પામ્યા છે તથા ઘાયલ થયા છે. આ તોફાનને કારણે ૨૦૦૦થી વધુ પરિવારોને પ્રાથમિક જરૂરિયાત પૂરી પાડવા 'સેવા ઇન્ટરનેશનલ' સંસ્થા મદદે આવી છે. તેના ૬૮૭થી પણ વધુ કાર્યકરો આ સેવા કાર્યમાં લાગેલા છે. આ સંસ્થાના પ્રમુખ પ્રો. શ્રી એન. શ્રીનાથ તથા તેમના સહકાર્યકરોએ પ્રભાવિતક્ષેત્રની મુલાકાત લીધી હતી. એટલાન્ટાના હિન્દુ મંદિરોની મુલાકાત પણ આ ટૂકડીએ લીધી હતી તથા વ્યક્તિગત પરિવારોને મળી તેમના દુઃખદર્દમાં ભાગીદાર થયા હતા. આ હિન્દુ મંદિરોના માધ્યમથી 'સેવા ઇન્ટરનેશનલ' વિદેશોમાં સેવકાર્યો કરે છે. ભારતીય મહા ઉપદ્વિપના લોકો આ સંસ્થામાંથી સેવા મેળવી હાશકારો તથા શાંતિ અનુભવે છે. 'સેવા આંતરરાષ્ટ્રીય સંસ્થા' આફતગ્રસ્ત પ્રસંગે રાહત છાવણીઓ, દવાઓ તથા ફૂડપેકેટો પૂરા પાડી સેવાકાર્યો કરે છે. ઇરમાના પ્રભાવી ક્ષેત્રોમાં સ્વદેશ કાટોચ (Swadesh Katoch) જે હરિકેન ઇરમાના ડિઝાસ્ટર રિલિફના ડાયરેક્ટર છે તેમણે મુખ્ય ભૂમિકા ભજવી હતી તથા સેવા સંસ્થાના સંયોજક શ્રી વિશ્વનાથ કોપ્પકા (Vishwanath Koppaka)એ પણ પ્રભાવિત ક્ષેત્રમાં સેવાકાર્યનું નેતૃત્વ પૂરું પાડ્યું હતું.

* * *